**<u>અમદાવાદના મહે. એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન  મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૮,અમદાવાદ.</u>**

-                                                                                     **ક્રિ.કેસ નં.**

આરોપી :–

ગુન્હો   :–      ધી જુગાર ધારાની કલમ ૧૨  મુજબ.

આરોપી આજરોજ હાજર છે. પોલીસ પેપર્સની નકલો આપી, પ્લી લેતાં તથા કબુલાતની પુરશીસ વંચાણે લેતાં આરોપીએ સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરેલ છે. તેઓની રજુઆત પ્રથમ ગુન્હો, સામાન્ય આર્થિક સ્થિતિ હોવાનું તથા કૌટુંબિક સ્થિતિ અંગે રજુઆત સાંભળી. વળી, જો કેસ ચાલે તો વર્ષો સુધી કોર્ટમાં ધક્કા ખાવા પડે, તેથી ઓછી સજા કે દંડ થાય તે માટે પણ ગુનો કબુલ કરવામાં આવે છે. વળી, સજાનો હુકમ થાય તો જેલમાં અન્ય રીઢા ગુન્હેગારના સંપર્કમાં આવે અને તે પોતે પણ રીઢો ગુનેગાર બને. તે પરિસ્થિતિમાં સજાનો હેતુ માર્યો જાય. તેવી તમામ હકીકતો ધ્યાને લઈ આરોપીની ગુનાની વિગત, સ્વેચ્છાપૂર્વકની કબુલાત તથા તેઓની આર્થિક, સામાજીક, કૌટુંબિક સ્થિતિને લક્ષમાં લેતાં ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુ  ક  મ</u>**

દરેક આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૧૨ અન્વયે ધી જુગાર ધારાની કલમના ગુન્હા સબબ તકસીરવાર ઠરાવી પ્રત્યેક આરોપીને રૂા.  ૧૦૦/–  ( અંકે રૂપિયા   સો    પુરા ) દંડ ભરવા તથા કોર્ટ ઉઠતાં સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે.

જો આરોપી દંડની રકમ ભરપાઈ ન કરે તો દિન– ૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલના નાણાં સરકાર ખાતે જમા લેવા તથા કબજે કરેલા પાનાનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજ તા.  ૧૧/૯ /'૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ<br>
તા.૧૧/૯/૨૧

( એચ.એસ.પટેલ)<br>
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,<br>
કોર્ટ નંબર ૧૮,અમદાવાદ.<br>
( UIC NO. GJ00969 )